સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

છે બિચારો બોકડો, બલિદાન માટે ઘરી દેવા,
ચાડિયા નામે ચરી જવા, એને ભોગે તરી જવા,
કરી લેવા રાજ રાખી છે બંદૂક કોઇની કાંધે -
છે બ્હારનાં બ્હાર બેન, સંકટ આવે સરી જવા
(કોલસાના કળણમાં મન મોહન)

લૂલા બચાવે,
આવડત વિનાના -
ભોંકે કટાર..
(કોલસો કાઢવો છે ક્યાં?)

ગાડાં ભાંગી ને -
અને આ શું સૂઝી'કે
બનાવે કાર
(નાના કારખાનાં બંધ)

ચિંતન

દૃઢઃ પ્રેમા ભગ્નઃ સદસિરિવ સંધિ ન ભજતે ભજેતાપિ પ્રાયઃ સ્ખલતિ ખલુ યત્નેરપિ ઘતઃ ।
સ્ખલેજ્જો ચેત્સાસ્યં ભજતિ ન ભજેદ્વાન ભવતિ સ્યુતા શંકશ્ચેત્સ્યા ત્સ્યાસ્મૃતિ મુચગતસ્તુ વ્યથયતિ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક 'સાંધો' ના વાંધાની વાત કહે તિરાડ કદી સંધાય નહીં જે તૂટે છે તે કદી જૂટે નહીં. મૈત્રીમાં પડેલી ગાંઠ - નડતર રૂપ તો બને જ છે.

'દઢ પ્રેમ જો એક વખત ભાંગ્યો તો એ પછી ભાંગેલી તરવારની જેમ કદાપિ સંધાતો શકાતો નથી. પ્રયત્નપૂર્વક જો સાંધવામાં આવે તો પણ તેને સાચવવા છતાં ફરી એ જગ્યાએથી જ બટકી તેને સાચવવા છતાં ફરી એ જગ્યાએથી જ બટકી પડે છે, અને છતાંય જો બટકે નહીં તો પણ પહેલાંની જેમ નિર્ભયતાના વિશ્વાસ સાથે તેનો ઉપયોગ થઇ શકતો નથી. આમ છતાં વિશ્વાસ પૂર્વક તે તલવારનો ઉપયોગ કરવામાં આવે તો તેની ધાર અને અસરકારકતામાં પહેલાંના જેવો વિકાસ અસર-પરિણામ પ્રયત્નપૂર્વક પણ દેખાતાં નથી.'

'જેવો વિશ્વાસ ભંગ તેનું મન તંગ'
વિશ્વાસ તૂટ્યો તેનું હૃદય ભાંગ્યું. મન-મોતીને કાચ તૂટે પછી સંધાય નહીં.

સુવિચાર

- જેની પાસે સારા, સાત્ત્વિક, હકારાત્મક વિચારો તેને કદી એકલતાનો કંટાળો સતાવતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- દુર્જન પોતાના આશ્રયદાતાનો નાશ કરતાં પણ અચકાતો નથી - **સુદર્શન**
- કોઇ પણ કામ કરતાં તમારે નીચે જોવા જેવું થાય એવું કામ કરશો જ નહીં - **જેમ્સ એલન**
- આનંદ અમૃત છે જે દુઃખના સમુદ્રમંથનમાંથી જ પ્રાપ્ત થાય છે - **પરાસર**
- ક્રોધમાં મોઢું ઉઘડે અને આંખ બંધ થઇ જાય છે - **હેઝો**
- ફક્ત મુખમાંથી નિકળવા માત્રથી કોઇ વાત 'સત્ય' નથી બની જતી-સત્યનું સ્થાન હૃદય છે જીભ નહીં - **શરદ બાબુ**
- જે જાતે ભોગવી ન શકે તે દાન પણ ન આપી શકે. - **ટાગોર**

બોધ કથા

અમરમણિ, કાંડા, એન.ડી.તિવારી, મેદરણા જેવા લોકોને જ્યારે હાથમાં અલક્ષ્મી આવે ત્યારે ઘરનાં જૂનાં ફર્નિચર સાથે, સંતોષ-સંસ્કાર અને સ્નેહ-સમજદારીથી મળતાં સાચાં સુખ-શાંતિ પણ ફેંકી દે છે પરિણામે હોદ્દા પરથી ફેંકાયા પછી કચરાપેટી જેવી હાલતમાં જેલમાં ફેંકાઇ જાય છે.

એક કર્તવ્યનિષ્ઠ-ધર્મનિષ્ઠ-સંસ્કારી વેપારીને ધંધામાં મોટી ખોટ ગઇ. દુકાન-મિલ્કત-ઘરેણાં બધું જ વેંચાઇ ગયું. ઘર 'ગરીબ' થઇ ગયું. પણ એક બાબત નોંધનીય હતી. ત્રણે પુત્રો તેની પત્નીઓ (પુત્રવધુઓ) બાળકો, સાસુ હજુ પણ એવાં જ સુખ-શાંતિ-પ્રેમ અને સહકારથી એકમેક સાથે વર્તન કરતાં હતા. કોઇનાં હોઠેથી સ્મિત દૂર થયું ન હતું. બોલવામાં બરછટપણું આવ્યું ન હતું, આંખમાં ઇર્ષા નો'તી, સંયમ-શિસ્ત-સન્માનમાં ઉલ્ટું વધારો થયો હતો. એકતાનાં આંકડા વધારે મજબૂત થયા હતા.

દર બે'ક વર્ષે એમને ત્યાં આવતાં સંતે આ પરિસ્થિતિમાં પધરામણી કરી. બે-ત્રણ દિવસ રોકાયા. એકમેક પ્રત્યેનો પ્રેમ અને ઐક્ય જોઇ એમને આશ્ચર્ય થયું. ઘરનાં વડીલને પૂછ્યું, ગરીબી-નિર્ધનતા આવ્યા પછી તેનાથી પણ વધારે દેખાય છે, એનું કારણ શું?

વડીલ કહે કુટુંબના સંસ્કાર અને આપ જેવા સંતોના આશીર્વાદ-લક્ષ્મી આવતાં લોકો સ્નેહ-સંપ-શાંતિને પણ કચરાની જેમ ફેંકી દે છે. અમે ધનવાન હતા ત્યારે પણ એ સાચવીને રાખતાં હતાં.

સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા પ્રાપ્ત કરવા ડૂબકી મારવા તૈયાર મરજીવાઓ માટે જ્ઞાન સાગરનાં મોતી

શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ગુજરાતના વિદ્યાર્થીઓ માટે કારકિર્દીની સુવર્ણ તકો હાલમાં આવી રહી છે. છેલ્લા ઘણા વખતથી સરકારી કચેરીઓમાં ભરતી થઇ ન હોવાથી હાલમાં સામુહિક રીતે કર્મચારીઓ નિવૃત્ત થતાં ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી માટે રોજબરોજ જાહેરાતો આવી રહી છે. તેમાં જનરલ નોલેજ અને સાહિત્યનું પેપર ખુબ જ મહત્ત્વનું હોય છે. જો સમગ્ર ગુજરાતી સાહિત્યનો ઉંડાણ પૂર્વક અભ્યાસ કરવામાં આવે તો વર્ષોનાં વર્ષ લાગી જાય છતાં પૂરું પામી ન શકાય ત્યારે ગાગરમાં સાગર સમાન 'જ્ઞાન સાગર' ગ્રંથ અત્યારે ઉપલબ્ધ થઇ રહ્યો. જેમાં સમગ્ર સાહિત્યનું વરિષ્ઠ નિષ્ણાંતો દ્વારા દોહન કરી નવનીત રૂપે સામગ્રી મુકવામાં આવી છે તે સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપનાર સૌ કોઇને ખુબ જ ઉપયોગી નીવડે તેવી છે.

સમય પરિવર્તનશીલ છે. સમયની એરણ પર ઉત્તમ કારકિર્દીનો હથોડો ઉઠાવી જિંદગીનો ઘાટ ઘડવાનો છે. દિન-પ્રતિદિન કારકિર્દીની અનેક તકો સર્જાય છે. પણ દિશા નિશ્ચિત કરવાની મુંઝવણ વિદ્યાર્થીઓને વ્યાકુળ કરે છે. દિશા મળે તો સાહિત્ય લબ્ધિની ધૂંધળી દિશા હતાશા જન્માવે, અંતરિયાળ ગામના તેજસ્વી વિદ્યાર્થીઓનાં સપનાં ઉગતાં પહેલાં જ ધરબાઇ જાય. તાજેતરમાં લેવાયેલ TAT ની પરીક્ષામાં સાહિત્યનાં પેપરમાં નબળાઇને કારણે ઘણાં વિદ્યાર્થીઓને નિરાશ થવું પડેલ અને હાથવેંત છેટી સફળતાને પામી ન શકેલ. ત્યારે તેમની આ મુંઝવણને દૂર કરવા માટે 'જ્ઞાન સાગર' ગ્રંથ તેમની વહારે અવ્યો છે. તેના વિદ્વાન લેખકો અને સંપાદકોએ વિચાર્યું કે આપણા આ વિષયને અનુલક્ષીને વધુમાં વધુ અને ઉત્તમમાં ઉત્તમ શું આપી શકાય? જે જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉપયોગી નીવડે. કારણ કે જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાના અનેક પુસ્તકોમાં જુદા જુદા વિશેષો સમાવિષ્ટ હોય છે. તેમાં ક્યાં પુસ્તકો વસાવવાં, કેટલો ખર્ચ કરવો. છતાંય અધુરપ જણાય ત્યાં સંદર્ભ પુસ્તકો મેળવવાં. જુદા જુદા પુસ્તકાલયોની મુલાકાત લેવી. સત્યપદ મેળવવું. આ શોધ પ્રવાસમાં જ ઝાઝો સમય પસાર કરવાનો થાય. તે કેમ પોસાય.

તેથી સ્પર્ધાત્મક પરીક્ષાના સ્પર્ધકોને સફળતાની ચાવી રૂપ જરૂરી સાહિત્ય એક જ પુસ્તક રૂપે મળે જેમાં ગુજરાતી સાહિત્યના હેતુલક્ષી પ્રશ્નો, વૈકલ્પિક પ્રશ્નો સરળતાથી પ્રાપ્ત થાય અને દરેક પાસાં તેમાં આવરી લીધેલ હોય જેથી સમયનું સાતત્ય જળવાય તેવું આપવાનો આ પુસ્તકમાં એક સુંદર પ્રયાસ કરવામાં આવ્યો છે. જેની ફળશ્રુતી રૂપે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં શક્યતાઓ ભરી સૂક્ષ્મ દૃષ્ટિથી વિહાર કરતા ગયાને મધ્યકાલીન તથા અર્વાચીન સાહિત્યનો માર્ગ પસાર કર્યો. તે પછી વળી વિશ્રામ લઇ સૂઝેલા નવા વિચારોને આકાર આપવાનું નક્કી કર્યું અને સાહિત્ય મીમાંસા, ભાષા વિજ્ઞાન, લોક સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ, સામયિક, દૈનિકો, સાહિત્યિક સંસ્થાઓ, વિવિધ એવોર્ડ, પુરસ્કારોને સમાવી તેને વિભાગોમાં વહેંચી નાની નાની નદીઓનો સંગમ રચી જ્ઞાન સાગરને ગાગરમાં ભરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે આપણને ૧૭ વિભાગોમાં મળે છે.



વિભાગ - ૧ માં દશ ઉપખંડ છે જેમ કે, મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સમગ્ર મુલ્યાંકન, પ્રમુખ સર્જકો, મધ્યકાલીન કૃતિઓ, સાહિત્ય સ્વરૂપો અને વિકાસ, ભક્તિ કવિતા, જ્ઞાન માર્ગી કવિતા, સ્વામીનારાયણ સંપ્રદાયના કવિઓનું પ્રદાન, મુસલમાન, ખ્રિસ્તી, પારસી, જૈન, સ્ત્રી કવિઓ અને કબીરપંથી સંત કવિઓનું પ્રદાન, તથા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની પ્રસિધ્ધ પંક્તિઓ... વગેરેમાં હેમચંદ્રાચાર્યથી દયારામ સુધીના સમયપટને સમાવવાનો પ્રયત્ન કર્યો છે તો,

વિભાગ - ૨ માં યુગકર્મ અને સર્જક કર્મ સાથે સોળ ઉપખંડનું વિભાજન મળે છે. જેમાં કવિતા, નવલકથા, નવલિકા, નાટક, એકાંકી, ચરિત્ર, સાહિત્ય, નિબંધ, વિવેચન તથા કુમાર ચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, આદિ કવિ નરસિંહ મહેતા સન્માન પુરસ્કાર, અને ધનજી કાનજી એવોર્ડ, ગુજરાત સાહિત્ય અકાદમી ગૌરવ પુરસ્કાર, સાહિત્ય અકાદમી દિલ્હીનું પારિતોષિક અને પ્રસિધ્ધ પંક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિભાગ - ૩ માં ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્ય મીમાંસા એમ બંને પ્રવાહો મળે છે. જેમાં સાહિત્ય મીમાંસાનો પ્રારંભ કોનાથી થયો ત્યાંથી લઇને મીમાંસકનું નામ, મહત્વનું પ્રદાન, અને ગ્રંથોનાં નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિભાગ - ૪ માં ભાષા વિજ્ઞાનને સમજાવવાનો સુંદર ઉપક્રમ લઇને દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, મધ્ય અને ઉત્તર ગુજરાતની બોલીઓ તેના ઉચ્ચારોની વિશેષતાઓ, વ્યાકરણ ગ્રંથોનાં રચયિતાઓ, ભાષાવિજ્ઞાનની વ્યાખ્યા, વ્યુત્પતિ વિચાર, ગુજરાતી ભાષામાં વર્ણવ્યવસ્થા, સામાજિક ભાષા વિજ્ઞાન, ભાષા શિક્ષણ અંગેના ખૂબ જ અગત્યના પ્રશ્નોના ઉત્તરો આપણને આ વિભાગમાંથી પ્રાપ્ત થાય છે.

વિભાગ - ૫ આ વ્યાકરણ વિભાગ છે. તેમાં છંદ, અલંકાર, વિશેષણ, કૃદંત, વાક્ય પ્રકાર, સમાસ, શબ્દ સમુહ માટે એક શબ્દ, સંક્ષેપ રૂપો, સંજ્ઞા, સર્વનામ, ક્રિયા વિશેષણ, સ્વર વ્યંજન, સમાનાર્થી, વિરૂધ્ધાર્થી, સંધિ, જોડણી વિગેરે વ્યાકરણ સંબંધી તમામ સંભાવનાઓ ચકાસીને મુકવામાં આવી છે.

વિભાગ - ૬ લોકવાઙ્ગમયનો છે. જેમાં લોકવિદ્યા, લોક સાહિત્યનાં પ્રકાર, કથાબીજ, દંત કથા, લોક સાહિત્યકારો અને તેમની કૃતિઓ તેમજ હાલરડાં, લગ્નગીતો, પ્રસંગ ગીતોના ઉદાહરણ. તેને ગ્રંથસ્ત કરનાર સાહિત્યકારો અંગેના પ્રશ્નો અને જવાબોને સમાવવામાં આવ્યાં છે.

વિભાગ - ૭ આ વિભાગમાં દૈનિકો, સામયિકો અને સાહિત્ય સંસ્થાઓને લગતાં પ્રશ્નો સમાવવામાં આવ્યા છે. જેમાં ભારત અને ગુજરાતમાં વર્તમાનપત્ર પહેલું ક્યારે પ્રગટ થયું ત્યારથી લઇને હાલમાં ચાલતાં મહત્ત્વપૂર્ણ દૈનિકો, સામયિકો અને સાહિત્ય સંસ્થાઓ તેના સંસ્થાપકો, સંમેલનોની વિગતોની વિગેરે પ્રશ્નોત્તરી રૂપે આપણને મળે છે.

વિભાગ - ૮ સાહિત્યિક સંજ્ઞાઓનાં આ વિભાગમાં કયા અંગ્રેજી શબ્દ માટે ગુજરાતીમાં કયો શબ્દ વપરાય છે, કયા શબ્દને ગુજરાતીમાં શું કહે છે. કથાગીત માટે અંગ્રેજીમાં કયો શબ્દ છે. જુદાં જુદાં સાહિતય સ્વરૂપોની સંજ્ઞાઓની વિસ્તૃત માહિતી પ્રશ્નોત્તર રૂપે સમાવી વિષયને ખુબ રસપૂર્ણ અને સહેલો બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

વિભાગ - ૯ આ વિભાગમાં ગુજરાતી સાહિત્યના સર્જકોના મૂળનામ અને ઉપનામોની યાદી આપવામાં આવી છે. જેમાં ખાસ કક્કાવારી મુજબ તમામ સાહિત્યકારોને સમાવી લેવામાં આવ્યાં છે.

વિભાગ - ૧૦ સાહિત્યિક સંશોધન અંગેનો છે જેમાં સંશોધન અને તેનાં સંશોધકો વિષેની પ્રશ્નોત્તરી દ્વારા તમામ પાસાઓને સાંકળી લેવાનો પ્રયાસ થયો છે.

વિભાગ - ૧૧ અરજી લેખન અંગેનો છે તેમાં અરજી કરતી વખતે ધ્યાનમાં રાખવી પડતી બાબતોમાંથી લઇને અરજીની રૂપરેખા, અરજીના દસ તબક્કાઓનો પરિચય, જુદી જુદી જગ્યાઓ માટે અને સંસ્થાઓ માટે અરજીનાં નમૂના, તેમજ પરીક્ષામાં પૂછાતાં ૧૫ પ્રકારની અરજીઓ વિષે વિગતો આપવામાં આવી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

અંધશ્રધ્ધાળુ મહિલાઓએ એ સમજી લેવું જોઇએ કે ધર્મ અને તંત્રવિદ્યાના નામે તેમનું શોષણ જ થયું છે, ભલાઇ ક્યારેય નહીં

હું રસ્તે રઝળતી વારતા

- અચના પટેલ

મુંબઇ શહેરમાં દેશનાં અન્ય શહેરોની સરખામણીએ મહિલાઓ સ્વયંને વધારે સુરક્ષિત અનુભવે છે. દિવસ હોય કે રાત તે ક્યાંક પણ ખચકાટ વિના આવ-જા કરે છે. આધુનિક કપડાં પહેરવાની બાબતમાં પણ મુંબઇની મહિલાઓ પાછળ નથી. જો કે આ બધું વર્ણન હવે અમદાવાદની મહિલાઓ માટે પણ આપણે જોઇએ છીએ, વાંચીએ છીએ. આવી મહિલાઓને ક્યારેય જોખમ નથી લાગતું, પરંતુ મુંબઇની મહિલાઓની એક મોટી સંખ્યા આજે પણ અંધશ્રધ્ધાની ચુંગાલમાંથી બહાર આવી શકી નથી. શિક્ષિત ઘરની મહિલાઓ પણ અંધશ્રધ્ધા, કર્મકાંડ પર આંખ બંધ કરીને વિશ્વાસ કરે છે.

આવો જ કિસ્સો થોડા સમય પહેલાં પ્રકાશમાં આવ્યો. તે સમયે પોલીસે એક એવા તાંત્રિકને ગિરફતાર કર્યો, જેણે એક જ કુટુંબ અને તેની સાથે જોડાયેલી ૭ મહિલાઓ સાથે બળાત્કાર કર્યો. આ યુવતીઓ પોતાની મા, માસી અને તાંત્રિકના ડરથી તાંત્રિક સાથે બધું જ કરવા મજબૂર થઇ ગઇ. તે સમયે યુવતીઓ સાથે બળાત્કાર કરવામાં આવ્યો તે સમેય તે બધી સગીર વયની હતી. જો કે આ ઘટનાની જાણ થતાં પોલીસે આ તાંત્રિકને ગિરફતાર કરી લીધો હતો.

સામાન્ય અનુમાન છે કે, મહિલાઓ અંધશ્રધ્ધાળુ હોય છે. સાધુ-બાવાઓની વાતમાં તરત આવી જાય છે. મુંબઇનાં જે.જે. રોડની ઘટના તો રૂંવાડા ઊભાં કરનારી છે. એક મહિલા પોતાના મંદબુધ્ધિના બાળકની સારવારના ચક્કરમાં એક તાંત્રિકની ચુંગાલમાં એવી ફસાઇ કે તેણે પોતે તે તાંત્રિક સાથે શારીરિક સંબંધ બાંધ્યા જ, પોતાની બહેન અને દીકરીઓને પણ સંબંધ બાંધવા મજબૂર કરી. તે માટે તે પોતાના પતિથી જુદી રહેવા માટે પણ મજબર થઇ.

એક દિવસ પીડિત ઘરની એક છોકરી જે કૉમર્સની વિદ્યાર્થીની છે તેને એ કાળો જાદુ કરીને ડરાવતા આ તાંતિક મહેંદીને મજા ચખાડવાનું નક્કી કર્યું. છોકરીએ પોલીસમાં નિવેદન આપતાં કહ્યું હતું કે હું, મારી મા, મારી માસી અને મારી ત્રણ બહેનોએ તાંત્રિકની ચુંગાલમાં ફસાઇ હતી. એક દિવસ મારી મા મારા ભાઇ અને બહેનોને લઇને મારી માસીના ઘરે ગઇ. જ્યાં તાંત્રિક હાજર હતો. તે ત્યાં તંત્રમંત્ર અને કાળો જાદુ કરી રહ્યો હતો. તેણે ત્યાં કાગળ પર મંત્ર લખીને પાણીમાં ડુબાડ્યો અને બધાને પાણી પીવા આપી દીધું.

તે પછી અમે બધા બાંદ્રાના જૂના ઘરે ગયા. કેટલાય મહિલાઓ સુધી મા તે તાંત્રિકના સંપર્કમાં રહી. આ મુલાકાતો દરમિયાન મારી માને તાંત્રિક પર પૂરો વિશ્વાસ બેસી ગયો, જ્યારે મેં માને પૂછ્યું કે તું તેને કેમ મળે છે, તો મારી માએ કહ્યું કે, તારો ભાઇ બિમાર છે, તેને સાજો કરવા અને તમારા બધાની ભલાઇ અને સુખશાંતિ માટે હું તેને ત્યાં લઇ જાઉં છું. માએ અમને ચુપ રહેવાની સલાહ પણ આપી.

એક દિવસ એ તાંત્રિકનો ફોન મારા ઘરે આવ્યો. મા ફોન ઉપાડવા છુપાતી - છુપાતી બાથરૂમમાં જતી રહી પણ પપ્પા જોઇ ગયા. આ વાતે બંનેમાં ઝઘડો થયો અને પપ્પાએ માને છોડી દીધી.

હવે અમે લોકો કોલાબામાં રહીએ છીએ. પહેલાં મહેંદી હસન અમને મળવા માટે સેન્ટ્રલ મુંબઇની એક હૉટેલમાં બોલાવતો હતો. પછી મારી મા અને માસીએ અમીના એપાર્ટમેન્ટ મઝગાંવમાં પાંચ લાખ રૂપિયા એડવાન્સ આપીને ફલૅટ ભાડે લીધો. મારી મા અને માસીએ અમને તે તાંત્રિક પાસે જવા માટે મજબૂર કરી.

૧૬મે થી ૧૬ નવેમ્બર ૨૦૦૯ સુધી અમે અમીના એપાર્ટમેન્ટમાં તે તાંત્રિક પાસે જતા રહ્યા. તે કૉલેજ આવીને પણ અમને હેરાન કરતો હતો. અમીના એપાર્ટમેન્ટમાં તે અમારી પર બળાત્કાર કરતો હતો. ખૂબ મારતો હતો. તેણે છ મહિના સુધી શારીરિક રીતે હારન કરતો. થોડાક સમય પછી મને ખબર પડી કે હું ગર્ભવતી છું. મેં મારા પપ્પાને આ વાત જણાવી.

ત્યારે પપ્પાએ જે.જે.રોડ પોલીસ સ્ટેશનમાં રિપોર્ટ કરી દીધો. પછી પોલીસે તેને પકડવા જાળ ગોઠવી. ૨૭ નવેમ્બરે તેણે માને ફોન કર્યો. ૨૮ નવેમ્બરે સ્વસ્તિક ચેમ્બરમાં તે અમને મળવા બુરખો પહેરીને આવ્યો. જ્યાં પોલીસે તેને ઘરમાંથી પકડી લીધો.

આ તાંત્રિકની ચુંગાલમાં કેવી રીતે ફસાયું કુટુંબ તો તાંત્રિક મહેંદી અરબી ભાષામાં સ્નાતક છે. ૧૯૯૯માં તે મુંબઇ આવ્યો હતો. મુંબઇ આવ્યાને થોડાં વર્ષ પછી તે પીડિત કુટુંબના સંપર્કમાં આવ્યો હતો. અને બધી છોકરીઓને અરબી ભણાવતો. શિખવાડતો હતો.

આવ-જા દરમિયાન કુટુંબના બધા લોકોથી પરિચિત પણ થઇ ગયો. એક દિવસ તેને ખબર પડી કે આ કુટુંબના છોકરા માનસિક રીતે સ્વસ્થ નથી. પીડિત છોકરીનો ભાઇ અને તેની માસીનો દીકરો બંને માનસિક રીતે અસ્વસ્થ છે. બસ પછી તો તેણે જાળ ગૂંથવાનું શરૂ કર્યું અને કુટુંબની મહિલાઓને કહ્યું કે તેની અસર તમારી દીકરીઓનાં બાળકો પર પણ પડશે. તેમનાં બાળકો પણ સ્વચ્છ નહીં જન્મે. હું તેને ઠીક કરી શકું છું.

તાંત્રિકે ઘરની મહિલાઓને વિશ્વાસમાં લીધા પછી કહ્યું કે તેમનાં ઘરમાં સારવાર શક્ય નથી. કોઇ અન્ય જગ્યાએ વિધિ-મંત્રનો પ્રયોગ કરવો પડશે. તેણે અલગ-અલગ જગ્યાએ પોતાના ઠેકાણા બનાવી રાખ્યા હતા. ત્યાં લઇ જઇને તે કાળો જાદુ કરીને છોકરીઓને ડરાવતો અને પછી જબરદસ્તી શારીરિક સંબંધ બાંધતો હતો.

જે છોકરીઓ સાથે શારીરિક સંબંધ બાંધ્યા તે દરેક તે સમયે સગીર વયની હતી. તેમાં એક કામવાળી પણ હતી. આ સમય દરમિયાન બે છોકરીઓ ગર્ભવતી પણ થઇ ગઇ હતી. જેમનો ગર્ભપાત કરાવવામાં આવ્યો.

તાંત્રિક મહેંદીએ પોતાનાં કરતૂતોને અંજામ આપવા માટે કેટલાય ઠેકાણાં બનાવ્યાં હતા. તેમાંથી તેનું મુખ્ય ઠેકાણું અમીના એપાર્ટમેન્ટ, મરિયમ એપાર્ટમેન્ટ, સ્વસ્તિક ચેમ્બર, જે. જે. રોડ અને કલ્યાણ સામેલ છે. તેના કલ્યાણવાળા ઠેકાણેથી સત્યાસી લાખ ત્રીસ હજાર રૂપિયા પણ જપ્ત કરવામાં આવ્યાં.

તેની સાથે કોણ-કોણ સામેલ છે અને કયા કયા લોકો સાથે તેણે છેતરપિંડી કરી છે તેની પોલીસ તપાસ કરી રહી છે. તેણે શરૂઆતમાં પોલીસને જણાવ્યું કે તે પશ્ચિમ બંગાળના ચોવીસ પરગણા જિલ્લાનો રહેવાસી છે. પણ પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે તે મૂળ બાંગ્લાદેશી રહેવાસી છે.

હવે અંધશ્રધ્ધાળુ મહિલાઓએ એ સમજી લેવું જોઇએ કે, ધર્મ અને તંત્રવિદ્યાના નામે તેમનું શોષણ જ થયું છે, ભલાઇ ક્યારેય નહીં.

સંધ્યા મનોમન વિચારતી કે, આ વેદના અસહ્ય હોય છે અને તે વીતી હોય તેજ જાણે, પરંતુ કહેવાય છે ને કે લખ્યા લેખ મટે નહિ, આશાના ભાગ્યમાં દુઃખ લખ્યું હશે, તે તેને આવો પતિ મળ્યો!

પરણેતરની પ્રીત

(સામાજિક ધારાવાહિક : પ્રકરણ-૨૮)

- જયંતીલાલ મકવાણા

પતિના વિરહમાં આક્રંદ કરતી આશાનું વર્તન જોઇ ગૃહમાતાએ સંધ્યાને કહ્યું, "દીદી, ગઇ રાત્રિએ આશાએ બહુ ધમાલ કરી."

"કેમ શું કરેલું" સંધ્યાએ પૂછ્યું.

"અરે, આશાને એના પતિની યાદ આવી જતાં તેના વિરહમાં દેવા... ઓ... દેવા... તું ક્યાં છે? હું તારી પરણેતર છું! તું મને તેડી જા..." આમ પતિનાં વિરહમાં દુઃખી થતી ચોંધાર આંસુએ હિબકાં ભરી ભરીને રડતી હતી.'' ગૃહમાતાએ કહ્યું

સંધ્યા મનોમન વિચારતી કે આ વેદના અસહ્ય હોય છે અને તે વીતી હોય તેજ જાણે. પરંતુ કહેવાય છે ને કે લખ્યા લેખ મટે નહિ. આશાના ભાગ્યમાં દુઃખ લખ્યું હશે, તે તેને આવો પતિ મળ્યો!

સંધ્યાએ ગૃહમાતાએ કહ્યું, "ધોળું તેટલું દૂધ નહિ, આશાનાં મા-બાપ ગરીબડા છે! એમને સુખ સાહ્યબીની વાત કહી કોઇએ સગપણ કરાયું હોય પરંતુ શી ખબર ખબર કે આશાના ભાગ્ય ફૂટેલા નીકળશે!"

"હા, દીદી આપણા કેન્દ્રમાં એવા ઘણાં કેસો વર્તમાનમાં આવેલા છે કે બે-ત્રણ બાળકો થયા પછી સ્ત્રીઓ પતિ બીજી કોઇ બે-ત્રણ છોકરાની માને લઇને ભાગી ગયો હોય છે." ગૃહમાતાએ કહ્યું.

"અરે, એવા પણ કેસો છે કે ઘણાં બનાવમાં એક બે છોકરાની મા પાડોશીને લઇને ભાગી ગઇ હોય છે." સંધ્યાએ કહ્યું.

"દીદી, આપણે આશા જેવી ભોળી, નમણી સુશીલ ને સંસ્કારી છોકરીના કેસ માટે શું કરીશું." ગૃહમાતાએ કહ્યું.

"પ્રસુતાની પીડા તો સ્ત્રી જ જાણે પતિને એની વેદના ન સમજાય જેનો પગ તળે રેલો આવે તેને ખળભળાટ થાય!"

"દીદી, આશા હવે સંપૂર્ણ સમજદાર થઇ ગઇ છે, તો આપણે એના લગ્ન વિશેના વિચારો તો જાણીએ" ગૃહમાતાએ કહ્યું.

આથી સંધ્યા અને ગૃહમાતાએ આશાને નવરાશની પળોમાં એકાંતમાં બોલાવી તેની પરિક્ષા કરવા પૂછ્યું. "આશા, તું હવે સમજદાર અને એક સંસ્કારી પરિપક્વ સ્ત્રી છે?"

"જી, દીદી" આશાએ શરમાતાં શરમાતાં કહ્યું.

"આશા, અમે તારા હવે પછીના જીવન વિશે વિચારીએ છીએ. એ બાબત તારી સાથે અમે ચોખવટ કરવા ઇચ્છીએ છીએ."

"કઇ બાબત માટે"

"તારા માટે ઘણા યુવાનોનાં વાલીઓ ના ફોન ઉપર ફોન આવ્યાં કરે છે. જેટલા લોકોએ નારી કેન્દ્રના કાર્યક્રમ દરમિયાન તને જોઇ છે એ બધાના ફોન તારી સાથે સગાઇ કરવા માટે આવે છે." સંધ્યાએ કહ્યું.

"અરે દીદી, આપ શું કહો છો? હું તો એક પરણેતર સ્ત્રી છું. મારા તો લગ્ન થઇ ગયેલ છે." આશાએ નમ્રતાથી કહ્યું.

"આશા, સત્તરેક વર્ષથી તારા પતિ અને સસરા પક્ષના લોકોએ તારા ખબર અંતર પણ પૂછ્યાં નથી! અને તારા પતિએ તો બીજી છોકરી સાથે લગ્ન કરી દીધાં છે. એણે તો તને કાઢી મુકી છે." સંધ્યાએ કહ્યું.

"ગૃહમાતા, એ વાત તમારી સાચી! પરંતુ મેં અગ્નિની સાત્રીએ મારા પતિ સાથે લગ્ન બંધનથી જોડાઇને ફેરા ફર્યાં છે."

"આશા, તારી બધી વાત સાચી પરંતુ તારો પતિ તને પત્ની તરીખે રાખવા ઇચ્છતો જ નથી. એણે તારી હાલત કેવી કરી નાખી છે! એ તું જાણે છે!"

"સંધ્યા દીદી, આ અવતારમાં, આ ભવમાં, હું એક પુરૂષને શય્યાસુખ આપી શકું. બીજા પુરૂષ સાથે હું કંઇ રીતે સંસાર માંડી શકું! સ્ત્રી ધર્મ પાતળી સ્ત્રી પરપુરૂષ સાથે સ્ત્રીસંગ ન કરે?"

"આશા, ના છૂટકે તાર સુખ માટે તારે બીજા લગ્ન તો કરવા જ પડશે સમજી!"

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૭મી ઓગષ્ટ



- ૧૯૧૦માં થોમસ આલ્વા એડિસને બોલતા-ચાલતાં ચલચિત્રો પ્રદર્શિત કર્યા.
- હાઇડ્રોજન વાયુથી બલૂન પહેલું વહેલું આકાશમાં ગયું.
- ૧૯૪૭ માં પી.ટી.આઇ.ની સ્થાપના કરવામાં આવી.
- ૧૯૦૮-વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓમાં સ્થાન મેળવનાર ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ડોનાલ્ડ જી. બ્રેડમેનનો જન્મ.
- પ્રશિષ્ટ રૂચિના કવિ-વિવેચક શ્રી મનસુખલાલ ઝવેરીનું અવસાન - ૧૯૮૧.

ભાષા-વ્યાકરણના અનેક પુસ્તકો ઉપરાંત ફુલદોસ, આરાધના, અભિસાર, અનુભૂતિ, ડૂમો ઓગળ્યા, વગેરે કાવ્યસંગ્રહો, પ્રવાસકથાઓ, વ્યક્તિ ચિત્રોના સર્જક, સંસ્કૃત-અંગ્રેજી ભાષાના ઉત્તમ અનુવાદક હતા.

- છોટાશંકર ચંદ્રશંકર શાસ્ત્રીનું મુંબઇ ખાતે અવસાન - ૧૯૪૨, તેમણે સંસ્કૃત સાહિત્યમાં અનેક પુસ્તકો અનુવાદિત કર્યા.